**સૂચનાઓ :** (1) જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો. (2) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે અને કુલ 48 પ્રશ્નો છે. (3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. (4) વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે. (5) નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.

★ **આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકનો 1 ગુણ છે.)** **[10]**

## વિભાગ-A

**1. જીવનની ભૌતિક ગુણવત્તા-આંક (PQLI) નું મહત્તમ મૂલ્ય કેટલું ?**
(A) 1 (B) 10 (C) 25 (D) 100

**2. માંગમાં વૃદ્ધિ થવાના કારણે થતા ભાવવધારાને કેવો ફુગાવો કહે છે ?**
(A) પુરવઠા પ્રેરિત (B) માંગ પ્રેરિત
(C) વેતન પ્રેરિત (D) ખર્ચ પ્રેરિત

**3. 1 ₹ ની કાગદી નોટ ભારતમાં કોણ બહાર પાડે છે?**
(A) સેન્ટ્રલ બૅન્ક
(B) સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયા
(C) ભારત સરકારનું નાણાખાતું
(D) રિઝર્વ બૅન્ક

**4. 2014 માં ભારતમાં અપેક્ષિત આયુષ્ય કેટલા વર્ષનું હતું ?**
(A) 63 (B) 75 (C) 79 (D) 68

**5. નવી ટેક્નોલોજીને કારણે ઉદ્‌ભવતી બેકારીને કયા નામથી ઓળખવામાં આવે છે ?**
(A) ઘર્ષણજન્ય બેકારી (B) ચક્રિય બેકારી
(C) અર્ધબેકારી (D) મોસમી બેકારી

**6. કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિ બેરોજગારીમાં વધારો કરે છે ?**
(A) મૂડીપ્રધાન (B) શ્રમપ્રધાન
(C) ખેતપ્રધાન (D) શિક્ષણપ્રધાન

**7. 1951 માં ભારતમાં કેટલી વસ્તી હતી ?**
(A) 43.9 કરોડ (B) 54.8 કરોડ
(C) 36.1 કરોડ (D) 31.9 કરોડ

**8. ભૌતિક અને અભૌતિક વસ્તુઓ અને સેવાઓના આયાત-નિકાસ મૂલ્ય શેમાં દર્શાવવામાં આવે છે ?**
(A) વેપારતુલા (B) બજેટ
(C) લેણદેણ તુલા (D) મૂડીખાતું

**9. મોટા પાયાના ઉદ્યોગોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવતું હોય છે ?**
(A) 5 થી 10 કરોડ (B) 10 કરોડ થી વધુ
(C) 25 લાખ થી 5 કરોડ (D) 25 લાખ થી ઓછું

**10. આર્થિક સુધારા કયા વર્ષમાં કરવામાં આવ્યા ?**
(A) 1991 (B) 1951 (C) 1947 (D) 2001

## વિભાગ-B

★ **નીચેના 11 થી 20 પ્રશ્નોના ઉત્તરો એક-બે વાક્યમાં આપો (દરેકનો 1 ગુણ છે.)** **[10]**

11. આલેખ એટલે શું ?
12. આર્થિક વિકાસનો અર્થ આપો.
13. બૅન્કરેટનો અર્થ આપો.
14. રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયાની સ્થાપના ક્યારે કરવામાં આવી ?
15. ગરીબીરેખા એટલે શું ?
16. ભારતમાં 'જન ધન યોજના' ની શરૂઆત ક્યારે કરવામાં આવી ?
17. પિગુના મતે બેરોજગારીનો અર્થ જણાવો.
18. 'મૃત્યુદર' નો અર્થ આપો.
19. 'ટચૂકડા' ઉદ્યોગોનો અર્થ આપો.
20. W.H.O. ના મતે આરોગ્યનો અર્થ જણાવો.

## વિભાગ-C

★ **નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (દરેકના 2 ગુણ છે.)** **[28]**

21. આલેખના પ્રકારના નામ જણાવો.
22. આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
23. આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ વચ્ચેનો તફાવત જણાવો. (ચાર મુદ્દા)
24. આર્થિક વિકાસનાં લક્ષણો જણાવો. (ચાર મુદ્દા)



Visit https://visionpapers.in For More Papers!!!

25. સાટા પ્રથાની મર્યાદાઓ જણાવો.

26. રેપોરેટ અને રીવર્સ રેપોરેટનો અર્થ આપો.

27. સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબીનો અર્થ આપો.

**અથવા**

'પ્રધાનમંત્રી રોજગાર યોજના' વિશે ટૂંકી નોંધ લખો.

28. રાજકૃષ્ણ સમિતિએ આપેલા બેરોજગારી માટેના માપદંડો જણાવો.

**અથવા**

પ્રચ્છન્ન બેરોજગારીનો અર્થ જણાવી ઉદાહરણ આપો.

29. સંપૂર્ણ બેરોજગારીનો અર્થ આપો.

30. 'ખેતી ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે.' ટૂંકમાં સમજાવો.

31. વિદેશ વેપાર માટેનાં કારણો જણાવો. (ફક્ત કારણના નામ આપો.)

32. વેપાર તુલા અને લેણદેણ તુલા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

33. 'વિશિષ્ટ આર્થિક વિસ્તાર' (SEZ) નું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.

34. માલિકીના આધારે ઉદ્યોગોના પ્રકારોના ફક્ત નામ જણાવો.

## વિભાગ-D

★ **નીચેના 35 થી 43 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો. (દરેકના 3 ગુણ છે.)** **[27]**

35. અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યૂટર ટેક્નોલોજીની ઉપયોગિતા જણાવો.

36. માનવવિકાસ આંક એટલે શું ? તેના ઘટકો સમજાવો.

37. રિઝર્વ બેન્કના નાણાકીય કાર્યો સમજાવો.

**અથવા**

વેપારી બેન્કની શાખસર્જનની કામગીરી વિશે ટૂંકનોંધ લખો.

38. ભારતમાં બેરોજગારી ઉદ્‌ભવવાનાં કારણો સમજાવો (કોઈપણ છ કારણો)

39. વસ્તી નિયંત્રણના ઉપાયો જણાવો.

40. નીચી ખેત ઉત્પાદકતાના કારણો સમજાવો.

41. આંતરિક અને વિદેશ વેપાર વચ્ચેનો તફાવત સમજાવો.

**અથવા**

ભારતમાં વિદેશ વેપારની દિશા વિશે ટૂંકનોંધ લખો.

42. ભારતમાં નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ જણાવો.

43. સ્થળાંતરનો અર્થ આપી તેના પ્રકારો સમજાવો.

**અથવા**

ભારતમાં 'રેલવે' વિશે ટૂંકનોંધ લખો.

## વિભાગ-E

★ **નીચે 44 થી 48 સુધીના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો. (દરેકના 5 ગુણ છે.)** **[25]**

44. ફુગાવાની વ્યાખ્યા આપી તેના કારણો આપો.

**અથવા**

નાણાનો ઉદ્‌ભવ અને વિકાસ જણાવી, નાણાંના કાર્યો સમજાવો.

45. ગરીબીના નિર્દેશકો સમજાવો.

**અથવા**

ભારતમાં ગરીબીના કારણો સમજાવો.

46. જન્મદરનો અર્થ આપી ભારતમાં ઊંચા જન્મદર માટેનાં કારણો સમજાવો.

47. ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવાના ઉપાયો સમજાવો.

48. ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ નીચેના કોઠામાં આપેલ છે. જેને પાસ-પાસેની સ્તંભાકૃતિમાં દોરી વિશ્લેષણ કરો.

**સાક્ષરતાનું પ્રમાણ**

| વર્ષ | ભારત સાક્ષરતાનું પ્રમાણ (ટકામાં) | ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ (ટકામાં) |
|---|---|---|
| 1981 | 43.57 | 44.92 |
| 1991 | 52.21 | 61.29 |
| 2001 | 64.83 | 69.14 |
| 2011 | 74.04 | 79.31 |

★ ★ ★



Visit https://visionpapers.in For More Papers!!!

## PAPER-2 March - 2018

**1.**(D) **2.**(B) **3.**(C) **4.**(D) **5.**(A) **6.**(A) **7.**(C) **8.**(C) **9.**(B) **10.**(A)

**11.** સતત આવૃતિ ધરાવતી માહિતી અથવા અસ્પષ્ટ આંકડાકીય માહિતી માટે આંકડાશાસ્ત્રની મદદથી સ્પષ્ટતા લાવીને દોરાતું ચિત્ર એટલે આલેખ. **12.** ગરીબી રેખા નીચેની વસ્તીમાં વધારો ન થાય આવકની વહેંચણી વધુ અસમાનતા ધારણ ન કરે તે શરતોને આધીન રહીને દેશની માથાદીઠ વાસ્તવિક આવકમાં લાંબા સમયગાળા સુધી વધારો કરવાની પ્રક્રિયાને આર્થિક વિકાસ કહે છે. **13.** વેપારી બેંકો મધ્યસ્થબેંક પાસેથી જે લાંબાગાળાનું ધિરામ મેળવે છે તેને બેંકરેટ કહે છે. **14.** R.B.I. ની સ્થાપના 1 એપ્રિલ 1935 ના રોજ કરવામાં આવી હતી. **15.** જીવન જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી માટે નક્કી કરવામાં આવેલી આવક અને ખર્ચની લઘુતમ સપાટીને ગરીબીરેખા કહે છે. **16.** જનધન યોજનાની શરૂઆત 28 ઓગસ્ટ 2014 ના રોજ કરવામાં આવી હતી. **17.** કોઈ વ્યક્તિ માત્ર ત્યારે જ બેરોજગાર કહેવાય છે કે જ્યારે તેની કામ કરવાની ઈચ્છા હોવા છતા પણ કામ મળતું નથી. પ્રો. એ. સી. પીગું **18.** એક વર્ષના સમયગાળા દરમિયાન એક હજારની માનવ વસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યા. **19.** સંપૂર્ણ શ્રમપ્રધાન પદ્ધતિ દ્વારા કુલ ₹ 25 લાખના મૂડી રોકાણની મર્યાદામાં ચાલતા ઉદ્યોગોને ટચૂકડા ઉદ્યોગો કહેવાય. **20.** W.H.O ના મતે - ફક્ત રોગની ગેરહાજરી કે શારિરીક શક્તિ ને જ સારુ આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય નહિ. પરંતુ માણસના સંપૂર્ણ ભૌતિક માનસિક અને સામાજિક કલ્યાણને આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય.

Visit https://visionpapers.in For More Papers!!!